# <u>પાસવર્ડ અને પાસપોર્ટ વચ્ચે પીસાતું શિક્ષણ</u>

શિક્ષણ દ્વારા વ્યકિત અને સમાજમાં પરિવર્તન આવે છે. આ પ્રક્રિયા સતત ચાલતી જ રહે છે. શિક્ષણના વૈચકિતક અને સામાજિક હેતુઓ છે. જેમાં શિક્ષણ દ્વારા વ્યકિતનો સર્વાંગી વિકાસ કરવાનો હેતુ સૌથી અગત્યનો હેતુ ગણી શકાય. માટે જ વ્યકિત ઔપચારિક કે અનૌપચારિક રીતે શિક્ષણ મેળવીને પોતાનો સર્વાંગી વિકાસ સાધવાનો પ્રયત્ન સતત કરતો રહે છે. આ માટે તે જુદા જુદા અનેક માધ્યમ દ્વારા શિક્ષણ મેળવે છે. આમછતાં જુદા જુદા વ્યકિતના શિક્ષણ મેળવવા પાછળના હેતુઓ જુદા જુદા હોઇ શકે. કોઇ વ્યકિતને પૂછીએ કે તમે શિક્ષણ શા માટે લો છો? તો કદાચ આવા જવાબ હોઇ શકે..... જ્ઞાન મેળવવા, રોજીરોટી મેળવવા, સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન કરવા, આધ્યાત્મિક વિકાસ કરવા, પૂર્ણ નાગરિક બનવા, વગેરે.

આમછતાં સમયના બદલાવની સાથે સામાજિક અને વૈશ્વિક પરિસ્થિતિ બદલાતા આ હેતુમાં પણ પરિવર્તન આવે છે. વર્ષો પહેલા શિક્ષણના હેતુઓમાં ચારિત્ર્ય, આધ્યાત્મિકતાને વધુ પ્રાધાન્ય આપવામાં આવતું હતું, જ્યારે આજે રોજીરોટીને વધારે પ્રાધાન્ય આપવામાં આવે છે. શિક્ષણ દ્વારા જ્ઞાન અને કૌશલ્ય મેળવી તેનો ઉપયોગ કરી આર્થિક રીતે સમૃદ્ધ બનવાનો મોહ વધતો જાય છે. મોટાભાગના વ્યકિતઓને અન્ય વ્યકિત કરતાં જુદા પડવું છે અને જિંદગીને અલગથી-પોતાની રીતે જીવવી છે. આ માટે પોતાને અનુકૂળ આવે તે રીતે અને તેવું શિક્ષણ મેળવે છે.

આજના કમ્પ્યૂટરયુગમાં પ્રાથમિકથી માંડીને કોલેજકક્ષા સુધીના વિદ્યાર્થીને, તેમજ તેમના વાલીને કમ્પ્યૂટર અને ICT (ઇન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી) નું શિક્ષણ લેવાનો ચટકો લાગ્યો છે. આ ચટકો એક રીતે જોવા જઇએ તો ખોટો પણ નથી. કારણકે દર સેકન્ડે દુનિયાના પ્રવાહોમાં આવતા પરિવર્તનો સાથે તાલ મિલાવવા માટે તમારી પાસે તે જ્ઞાન હોવું જરૂરીજ નહીં, પણ અત્યંત આવશ્યક પણ છે. કમ્પ્યૂટર-ઇન્ટરનેટના કારણે દુનિયાને તમે ઘરમાં લાવી શકો છો. ઇન્ટરનેટનું જોડાણ ધરાવતું કમ્પ્યૂટર એટલે દુનિયાનું સૌથી સમૃદ્ધ પુસ્તકાલય. સંદેશા વ્યવહારમાં સૌથી ઝડપી અને સસ્તી સેવા મળે છે, તમે દર સેકન્ડે દુનિયા સાથે સંપર્ક બનાવીને જ્ઞાન, માહિતી કે સમાચાર મેળવી શકો છો. કમ્પ્યૂટર અને ઇન્ટરનેટના માધ્યમ દ્વારા વ્યકિત પોતાનો વ્યવસાય ચલાવીને રોજગારી મેળવી શકે છે, વૈશ્વિકરણનો લાભ લઇ શકે છે, નવા મિત્રો બનાવી શકે છે, અરે લગ્ન પણ કરી શકે છે. ઘેરબેઠા સારવાર પણ મેળવી શકે છે. આજે એકપણ ક્ષેત્ર એવું નથી રહ્યું કે જયાં કમ્પયૂટર અને ઇન્ટરનેટનો ઉપયોગ થતો ન હોય. માટે જ આજે ઘરઘરમાં કમ્પ્યૂટર આવી રહ્યું છે. ત્યારે પોતાનું કમ્પયૂટર અને ઇન્ટરનેટની સગવડતા ઊભી કરવી એ હવે કોઇ મોભો નથી રહયો પણ અત્યંત આવશ્યકતા બની ગઇ છે. ત્યારે તેનો કોઇ દૂરઉપયોગ ન કરે, તમારી વ્યક્તિગત બાબતો તમારા સુધી જ સિમિત રહે તે માટે કમ્પ્યૂટર કે ઇન્ટરનેટ વપરાશ માટે પાસવર્ડ અગત્યનો બની રહ્યો છે. આમ ઇન્ટરનેટ વાપરનાર વર્ગ

પોતાના પાસવર્ડનો ઉપયોગ કરતા થયા છે. ઘરમાં પણ પાસવર્ડ અને શાળા-કોલેજમાં પણ પાસવર્ડ. વિદ્યાર્થીને કદાચ ગણિતનું કોઇ સૂત્ર યાદ નહીં હોય પણ તેનો પાસવર્ડ તેને યાદ હશે. આમ દિવસે દિવસે શાળા-કોલેજ અને ઘરમાં પણ પાસવર્ડ આવી ગયો છે.જેને ઔપચારિક કે અનૌપચારિક શિક્ષનો એક ભાગ જ ગણી શકાય. માત્ર કમ્પ્યૂટરમાં જ કેમ બેંક, એ.ટી.એમ., મોબાઇલ વગેરેમાં પાસવર્ડ છે જે ને!

આજે કોઇ વિદ્યાર્થીને પૂછવામાં આવે કે, હવે આગળનું શું આયોજન છે? ત્યારે મોટાભાગના વિદ્યાર્થી અને વાલીઓનો જવાબ હશે “પરદેશમાં ભણવા જવું કે પરદેશમાં નોકરી કરવા જવું“. મોટાભાગના વાલી અને વિદ્યાર્થીઓ આ આયોજન સાથે અહીંનું શિક્ષણ લેતા હોય છે. ત્યારે આ બધા માટે પરદેશ જવા પાસપોર્ટ અગત્યનો થઇ રહ્યો છે. વાલી પોતાના બાળક માટે કદાચ મેડિક્લેમ નહીં કઢાવે પણ પાસપોર્ટ અવશ્ય કઢાવશે ! આ બાબતમાં પણ કેટલાક વાલી ખોટા નથી જ. કારણ કે આજે વૈશ્વિકરણ થઇ રહ્યું છે, ત્યારે પરદેશમાં સારી રોજગારી મળતી હોય, સારું ઉચ્ચ શિક્ષણ મળતું હોય, ઊંચા જીવન ધોરણનો લાભ મળતો હોય તો ક્યો વાલી પોતાના પાલ્યને પરદેશ નહીં મોકલે? આ સિવાય પણ આજે પાસપોર્ટ એ ખૂબ જ મહત્વનો દસ્તાવેજ સાબિત થઇ રહ્યો છે. પોતાની ઓળખ આપવા માટે સૌથી વધારે ભરોસાપાત્ર કોઇ દસ્તાવેજ હોય તો તે પાસપોર્ટ છે. માટે જ દરેક વાલી સૌ પ્રથમ પોતાના બાળકનો પાસપોર્ટ કઢાવે છે. અરે... પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો પણ એકબીજાને પૂછે છે કે, તારે પાસપોર્ટ છે? ત્યારે આજનું શિક્ષણ વિદ્યાર્થી અને વાલીને પાસપોર્ટ તરફ ખેંચી રહ્યું છે. આ પાસપોર્ટ જ વિદ્યાર્થીને પરદેશ પહોંચાડે છે, પરદેશમાં જઇને પોતાની અને પોતાના દેશની આગવી ઓળખ ઊભી કરે છે.

આજનો વિદ્યાર્થી અને વાલી બંને તન-મન-ધનથી પાસવર્ડ અને પાસપોર્ટ પાછળ દોડે છે. હાંફે છે છતાં દોડવાનું ચાલુ જ રાખે છે. જેમાં કેટલાક પોતાના લક્ષ્ય સુી પહોંચે છે તો વળી કેટલાક મથામણ ચાલુ રાખે છે. તેમના માટે શિક્ષણનો હેતુ પાસવર્ડ અને પાસપોર્ટ જ હોય તેમ લાગે છે. આ પાસપોર્ટ અને પાસવર્ડની હાય હાયમાં ખાવાનું પણ ભૂલી જાય છે અને રાતોની રાતો ઉજાગરા કરે છે. તેમ છતાં તેઓ તાકતા નથી. તેમને પાસવર્ડ અને પાસપોર્ટનો એવો તો નશો ચડી ગયો હોય છે કે જે નશો જ તેમને જીવાડતો હોય તેમ લાગે છે. જેમાં સફળતા અને નિષ્ફળતા તેમની આવડત, ધીરજ, મહેનત અને નશીબ પર ચે એમ કહી શકાય. આમછતાં **આજે પાસવર્ડ અને પાસપોર્ટની ઘેલશામાં મૂલ્યલક્ષી શિક્ષણ ભૂલાઇ ન જાય તે પણ જોવું જ રહ્યું. પાસવર્ડ અને પાસપોર્ટના કારણે પૈસો અને પરદેશ મળશે, પણ જો નૈતિક મૂલ્યોનો અભાવ હશે તો જીવનની પરીક્ષામાં પાસ નહીં થઇ શકો**. મૂલ્યોનો હ્રાસ એટલે સમાજ અને સંસ્કૃતિનો હ્રાસ. પાસવર્ડ ભલે યાદ રાખો, પણ સાથે સંસ્કૃતિને ભૂલશો નહીં. જે ઇતિહાસ ભૂલે છે, તેની ભૂગોળ પણ ઝડપથી ભૂલાઇ જાય છે. ઇતહાસરૂપી અનુભવમાંથી પણ શીખવું જોઇએ. આટલું કર્યાબાદ પાસવર્ડ અને પાસપોર્ટ હશે તો તમે પાસ.